વિનીત બાજપાઈ

# હરપ્પા

## રક્ત સરિતાનો શાપ

અનુવાદ : અલકેશ પટેલ

VB

www.VineetBajpai.com

# પ્રસ્તાવના

**૨૦૧૭, નવી દિલ્હીઃ**

દિલ્હીના એક યુવાન ઉદ્યોગસાહસિક વિદ્યુત શાસ્ત્રીને તેના હવે લગભગ મરણપથારીએ પડેલા ૧૦૮ વર્ષના પરદાદા તરફથી અણધાર્યું તેડું આવે છે. પ્રાચીન શહેર કાશીના વયોવૃદ્ધ મઠાધીશ એક પ્રાગૈતિહાસિક શાપ વિશેની ગુપ્ત માહિતી વિદ્યુતને આપવા માગતા હતા. આ એવો શાપ હતો જેણે હજારો વર્ષ પહેલાં એક આખેઆખી માનવસભ્યતાનો નાશ કરી નાખ્યો હતો, એટલું જ નહીં પરંતુ તેની પાછળના સત્યનું પણ નામોનિશાન મિટાવી દીધું હતું.

પણ એ હજુ હમણાં સુધી જ…

મરણપથારીએ પડેલા બ્રાહ્મણ દ્વારકા શાસ્ત્રી બનારસના શિવમંદિરના જટિલ સંકુલમાં આવેલા એક ગુપ્ત ભોંયરાના અંતિમ વારસદારો પૈકી એક હતા. ત્યાં ૩,૫૦૦ વર્ષ જૂનું હસ્તલિખિત સંજ્ઞાવાચક તામ્રપત્ર રાખવામાં આવ્યું છે. તેના ઉપર એકમાત્ર સંસ્કૃત પદ લખાયેલું છે. આ પદમાં ભવિષ્ય ભાખવામાં આવ્યું

છે કે શક સંવતની એક પૂર્ણિમાએ રોહિણી નક્ષત્રમાં એક નિશ્ચિત પવિત્ર કલાક દરમિયાન લોહીની સગાઈ ધરાવતી છતાં પોતાના વંશજોના પાપથી નિષ્કલંક વ્યક્તિ આ ભેદ ખુલ્લો કરશે. એ વ્યક્તિ માનવ ઇતિહાસના સૌથી ખતરનાક શાપનો અંત લાવશે.

આ જ કારણે વિદ્યુતને તેના પરદાદા તરફથી તેડું આવ્યું છે.

એ પવિત્ર કલાક આવી પહોંચ્યો છે.

વિદ્યુતને તેની ત્રણ પેઢી દ્વારા કાશીથી દૂર રાખવામાં આવ્યો હતો કેમ કે એ બધા જ શાપના ભાર હેઠળ દબાયેલા હતા. એ બીજું કોઈ નહીં પરંતુ તેમના પોતાના પૂર્વજ વિવાસ્વન પૂજારીએ ૩,૭૦૦ વર્ષ પહેલાં તેમના પોતાના લોકો સાથે, તેમની પોતાની માનવસભ્યતા સાથે દગો કર્યો હતો. તેઓ પોતે પૃથ્વી પરની સૌપ્રથમ શહેરી સંસ્કૃતિ – હરપ્પાના વિનાશનું કારણ બન્યા હતા.

એથી વધારે મોટું પાપ તેમણે ભવ્ય ડહાપણની નદી સાથે દગો કરવાનું કર્યું હતું. તેમણે એ નદીને રક્તસરિતામાં બદલી નાખી હતી.

**ઈ.સ. પૂર્વે ૧૭૦૦, હરપ્પાઃ**

હરપ્પા એ આ પૃથ્વી પરનું સૌથી શક્તિશાળી શહેર છે અને તેનું સંચાલન વિદ્વત્તાસભર અને પ્રામાણિક વૈદિક જીવનપદ્ધતિ અનુસાર થઈ રહ્યું છે. હરપ્પાના મુખ્ય ધાર્મિક વડા તરીકે વિવાસ્વન પૂજારીની નિયુક્તિની જાહેરાત થવાની તૈયારી છે. હરપ્પામાં આ પદ સમગ્ર આર્યવર્તમાં સૌથી શક્તિશાળી પદ માનવામાં આવે છે. તેમણે આ સર્વોચ્ચ ધાર્મિક પદ મેળવવા માટે અડધી સદી સુધી મહેનત કરી છે.

પરંતુ સમયનું કાળચક્ર અતિશય ક્રૂર મજાક કરી જાય છે.

તેમને મિત્રમાંથી કટ્ટર હરીફ બની ગયેલા પંડિત ચંદ્રધર તથા તેમની કામણગારી સુંદર પત્નીએ મેસોપોટેમિયાથી બોલાવેલા વિકરાળ દેખાવના ત્રણ વિદેશી ભૂવાની મદદથી મેલીવિદ્યા કરે છે. તેઓ વિવાસ્વન પૂજારીને શહેરની મોહક નૃત્યાંગના નયનતારાની હત્યાના આરોપમાં ફસાવી દે છે. નયનતારા તેની કોણીથી ખભા સુધીની સુંદર બંગડીઓ પહેરવા માટે જાણીતી છે. પોતાના વગદાર અને ખાસ અંગત મહેમાનો સામે પરફોર્મન્સ કરતી વખતે તે આ રીતે બંગડીઓ અચૂક પહેરતી.

વિવાસ્વન પૂજારીને જાહેર અદાલતમાં અપરાધી ઠેરવવામાં આવે છે અને તેમને હરપ્પાના મૃત કારાવાસના અંધારિયા ભોંયરામાં પૂરી દેવામાં આવે છે, જ્યાં તે બદલો લેવાના સોગંદ લે છે. આ બદલો લેવાના સોગંદ તે ચંદ્રધર વિરુદ્ધ નહીં, કાવતરુ કરનાર વિરુદ્ધ પણ નહીં, કે પછી તેમને અપરાધી ઠેરવનાર જજ કે મેસોપોટેમિયાથી આવેલા વિદેશી ભૂવાઓ વિરુદ્ધ પણ નહીં, પરંતુ આખા હરપ્પા વિરુદ્ધ બદલો લેવાના સોગંદ લે છે. તેમના વિરુદ્ધની જાહેર સુનાવણી ભવ્ય સ્નાનાગર ખાતે યોજાય છે. તેમને બાંધી દેવામાં આવે છે અને એ જ શહેરના લોકો તેમને પથ્થરો વડે મારે છે જેમના માટે તેમણે પોતાનું સમગ્ર જીવન અર્પણ કરી દીધું હતું. તેમની સંપત્તિ જપ્ત કરી લેવામાં આવે છે અને તેમના વ્હાલસોયા પરિવારને નિર્જન મરુભૂમિમાં હાંકી કાઢવામાં આવે છે. વિવાસ્વન પૂજારી ધિક્કારમાં ચિત્કાર કરી ઊઠે છે અને પોતાના જ રક્તથી એ અંધારી જેલની દીવાલ ઉપર પ્રતિશોધ શબ્દ લખે છે.

·||卐||·

## ઈ.સ. ૧૫૭૮, પોર્ટુગલઃ

પોર્ટુગલના પાંચમાં રાજા ઈમ્માનોલને વેટિકન તરફથી એક તાકીદનો પત્ર મળે છે. એ પત્રમાં બિગ મૅન પોતે એક અમંગળ સત્યનો ઉલ્લેખ કરે છે જે મળી આવશે ત્યારે આ વિશ્વ કાયમ માટે બદલાઈ જશે. પશ્ચિમ ભારતના બંદરગાહ પરના ગામમાં રેતીની નીચે દટાયેલી એ ગુપ્ત વાત શોધવી જ પડશે અને

તેનો પૃથ્વી પરથી નાશ કરવો પડશે. આ ગુપ્ત વાત એ જ નાશ પામેલા શહેર વિશે છે જે એક જમાનામાં દંતકથા સમાન નદીના કિનારે વિકસ્યું હતું. માનવ ઇતિહાસનું આ પ્રકરણ કાયમ માટે નષ્ટ કરવું જ પડે. ચર્ચના નેતૃત્વનો આધાર જ તેના ઉપર છે.

આ લક્ષ્યાંક હાંસલ કરવા માટે રાજાને જરૂર પડ્યે તલવારનો ઉપયોગ કરવાની પણ સલાહ આપવામાં આવી છે. રાજા ઈમ્માનોલ બસ્સો યુદ્ધજહાજનો સશસ્ત્ર કાફલો ભારતના શાંત પ્રદેશ ગોવા તરફ રવાના કરે છે. ગોવાના લોકપ્રિય છતાં તકેદારીપૂર્વક સુરક્ષિત રાખવામાં આવેલા મંદિરોના ઊંડા ગર્ભગૃહમાં માનવજાતની સૌથી મહાન ગુપ્ત વાતનો એક અંશ છુપાવીને રાખવામાં આવ્યો છે એ વાતની સ્થાનિક લોકોને ખબર નહોતી. આને પરિણામે આ ઉપખંડના ઇતિહાસમાં લોહિયાળ પાનાં ઉમેરાશે એવી પણ કોઈને કલ્પના નહોતી.

**ઈ.સ. ૧૮૫૬, બેરેકપોરઃ**

બ્રિટિશ સમાજશાસ્ત્રી અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના કર્મચારી વેન એશબ્રુકે તેમના ઉપરી કોલોનેલ માર્ક સેન્ડર્સને અડધી રાત્રે મળવા માટે પરવાનગી માગી. તેણે એક એવું સંશોધન કર્યું હતું જેની જાણ કરવા માટે રાહ જોઈ શકાય તેમ નહોતી. તેને ભારતમાં તેની ડાયરી અને દસ્તાવેજોમાં જે કંઈ નોંધવા માટે કહેવામાં આવ્યું હતું તેના કરતાં આ બાબત સદંતર અલગ હતી. પૃથ્વી પરનું આ સૌથી મોટું જૂઠાણું હતું. આ સંશોધન તેને શીખવવામાં આવેલી આર્યન આક્રમણની થિયરીના સંદર્ભમાં હતું. આ સંશોધન ભારત આવીને સ્થાનિક પ્રજાને ગુલામ બનાવનાર વંશીય શ્રેષ્ઠતા બાબતે હતું. તેણે હવે એવાં લખાણ અને સ્રોત શોધી કાઢ્યાં હતાં જે બળવાન આર્યનો અંગે માની ન શકાય એવી હકીકતો તરફ ધ્યાન દોરતા હતા. વેન જાણતા હતા કે આ આંખ ઉઘાડનારું સંશોધન દુનિયાની ધાર્મિક અને રાજકીય માન્યતાઓનાં મૂળભૂત પરિમાણો જ બદલી નાખશે.

પણ... સેન્ડર્સ ઇચ્છતા હતા કે વેન ખોટા દસ્તાવેજ તૈયાર કરે અને આર્યન

બાબતે તેણે જે કંઈ સશોધન કર્યું છે તેને ભૂલી જાય, એટલું જ નહીં પરંતુ આદેશનું પાલન ન કરે તો કોલોનેલ સેન્ડર્સ દ્વારા માઠાં પરિણામની ચીમકી આપવામાં આવી ત્યારે વેનને આઘાત લાગ્યો. તેમણે વેનને કહ્યું કે તેને આ વાસ્તવિક્તાના વ્યાપ અને તેની અસરો તેમજ તેની પાછળ રહેલાં પરિબળો અંગે કશી જ સમજ નથી. વેને સંમતિમાં માથું હલાવ્યું અને સેન્ડર્સની રજા લઈ નીકળી ગયા, પરંતુ તેને જે કહેવામાં આવ્યું હતું તેમ કરવા તેનો આત્મા તૈયાર નહોતો. તેણે સાચી હકીકત કલકત્તા ટ્રિબ્યુનમાં છપાવવા પ્રયાસ કર્યો.

બીજા દિવસે સવારે રાઈટર્સ બિલ્ડિંગના સચિવાલયની બહાર વૃક્ષ ઉપર વેનનો મૃતદેહ મળી આવ્યો. આ હિંસક કૃત્ય બે ભારતીય સિપાઈનું હોવાનું અખબારોએ જાહેર કરી દીધું. પરંતુ હકીકત કંઈક જુદી જ હતી. કંઈક ભયાનક હતી.

લોહીતરસી આગાહી વધુ એક વખત માથું ઊંચકી રહી હતી.

# આમુખ

## ઈ.સ. પૂર્વે ૧૭૦૦

કેટલાય માઈલ સુધી તેના સિવાય બીજા કોઈ માનવનું અસ્તિત્વ નહોતું. એ અસાધારણ ડરામણી અને તોફાની રાત્રીના અંધકારમાં તે ભાગ્યે જ કશું જોઈ શકતો હતો. ખાસ કરીને આ કમોસમી તોફાની વરસાદને કારણે સર્જાયેલા કાદવ-કીચડની સાથે તેના શરીર ઉપરથી વહી રહેલું લોહી તેનાં આંસુ અને પરસેવો એ રીતે ભળી ગયાં હતાં કે તેને જોવામાં મુશ્કેલી પડી હતી. ઘોર અંધારી રાત્રે આ બ્રાહ્મણ તેની કુહાડી તીવ્રતાથી ઝીંકી રહ્યો હતો, પરંતુ ઘા નિષ્ફળ જતા હતા. તે તાજેતરમાં જ બનાવવામાં આવેલા ઈંટ અને કાંસાના માનવ-સર્જિત પહાડના એક થાંભલા ઉપર બાંધવામાં આવેલી શણની જાડી દોરી કાપવા પ્રયાસ કરી રહ્યો હતો. આમ તો  તેનું નિર્માણ નદીનો પ્રવાહ બદલવાના ઈરાદાથી થયું હતું, પરંતુ પથ્થર, ઈંટ, ધાતુ તેમજ લાકડાના વિપુલ જથ્થાથી બનાવવામાં આવેલું આ માળખું તોફાની દરિયાના સૌથી તીવ્ર સુનામી મોજાં પણ ઝીલી શકે તેમ હતું. પણ હાલ તો આ નદી પોતે જ એટલી શક્તિશાળી લાગતી હતી.

ભારે તોફાની વરસાદ વચ્ચે પોતાની જાત સાથે બબડાટ કરતાં કરતાં તંદુરસ્ત અને કસાયેલા શરીરની તમામ તાકાત લગાવી રહ્યો હતો. તે દોરડા ઉપર તીવ્રતાથી ઘા કરી રહ્યો હતો ત્યારે તેના હાથની આંગળીઓમાંથી લોહીના ટશિયા ફૂટવા

લાગ્યા. હવે તેને શ્વાસ લેવામાં તકલીફ પડી ત્યારે માથું પાછળની તરફ ઢાળી દીધું જેથી ભારે વરસાદની છાલક તેના મોં ઉપર પડે.તેની આંખનાં પોપચાં પર જમા થયેલી લાલ માટી પાણીના નિષ્ઠુર પ્રવાહમાં વહી રહી હતી ત્યારે તેણે ગગનભેદી ચીસ પાડી. એ દ્વારા તે કદાચ પોતાની તીવ્ર વેદનાનો ચિત્કાર ઈશ્વરને સંભળાવવા માગતો હતો. પણ એ જાણતો હતો કે ઘણું મોડું થઈ ગયું છે. તેનાં  કૃત્યોથી ઈશ્વર નારાજ છે અને તેને કે બીજા કોઈને માફ નહીં કરે.

તેણે હવે પોતાની ટૂંકી કુહાડી વડે વધુ આક્રમક્તાથી ફરી દોરડું કાપવાની શરૂઆત કરી. એ જાણતો હો કે પોતે છેલ્લા એક કલાકથી દોરડું કાપવા પ્રયાસ કરી રહ્યો છે. આ દોરડું તેની પોતાની જ સૂચનાથી વિશેષ રીતે બનાવવામાં આવ્યું હતું. એ જાણતો હતો કે આવાં બીજાં હજારો દોરડાંની મદદથી બીજી ૯૯૮ ઈંટ, કાંસું તેમજ પથ્થરોને કસીને અભેદ્ય પહાડ તૈયાર કરવામાં આવ્યો હતો. આ મજબૂત બાંધકામ તોડવું હોય તો હજારો માણસો દિવસ-રાત કામ કરે ત્યારે ઘણાં અઠવાડિયે એ તોડી શકે. તેની પોતાની સ્થાપત્ય તેમજ વાસ્તુશાસ્ત્રની સૂચના મુજબ વ્યૂહાત્મક રીતે ૯૯૯ પિલર તૈયાર કરવામાં આવેલા હતા. તો પછી અત્યારે એ શું કરી રહ્યો હતો? શું ગાંડો થઈ ગયો હતો?એ જાણતો હતો કે આ વિશાળ પહાડનો એક કાંગરો પણ એ હટાવી નહીં શકે. અને છતાં તે તીવ્રતાથી અને આક્રમક્તાથી કુહાડી ઝીંક્યા કરતો હતો.

એક સમયે દેવતા તરીકે પૂજાતા અને હરપ્પાના સૂર્ય જેવું માન ધરાવતા વિવાસ્વન પૂજારી તોફાની પવન અને વરસાદની આ રાત્રીએ માઈલો સુધી એકલા જ હતા અને તેમનો દેખાવ ભૂત જેવો થઈ ગયો હતો. તેમને અતિશય પીડા થતી હતી અને સંજોગો સામે નિઃસહાય બની ગયા હતા કેમ કે હાલની આ સ્થિતિ બદલવા તેઓ અસમર્થ હતા. તેની આંખમાંથી આંસુ સરવાનું ચાલુ જ હતું, તેનો બબડાટ પણ ચાલુ જ હતો અને દોરડા ઉપર ઘા મારવાનું પણ ચાલુ રાખ્યું હતું. અને એટલામાં તેને અવાજ સંભળાયો.

હવે શરૂઆત થઈ ગઈ હતી.

ક્યાંક નજીકમાં જ આ વિશાળ નદીનો પ્રવાહ ધસી આવ્યો હોવાનો ભયજનક

અવાજ સંભળાયો, અને તેનું જાણે લોહી થીજી ગયું. એક સમયની ઉદાર, પ્રેમાળ અને કાળજી લેનારી નદી માતા આજે રક્ત-ધારામાં પલટાઈ ગઈ હતી અને જાણે પોતાનાં જ બાળકોને ભરખી જવા ધસમસી રહી હતી. નદીને તેના પ્રિય પુત્રો પૈકીના એકે દગો કર્યો હતો. એ દગો કરનાર તેનો પોતાનો દેવતા પુત્ર વિવાસ્વન પૂજારી હતો.

સક્ષમ અને જાજરમાન વિવાસ્વન પૂજારીના હાથમાંથી હવે કુહાડી છૂટી ગઈ અને નીચે કાદવમાં પડી. તે પોતે હવે નિઃશબ્દ થઈ ઊભો રહ્યો અને રાક્ષસી સ્વરૂપ લઈ ચૂકેલી નદીની દિશામાં શૂન્યમનસ્ક જોયા કર્યું. તેને જાણ હતી જ. તેને જાણ હતી કે નદીના આ બદલાયેલા સ્વરૂપનો ભોગ પોતે જ સૌથી પહેલો બનશે. કદાચ એવું થાય એવી હવે તેની ઇચ્છા પણ હતી.

તેને એકાએક અંતરમાં શાંતિનો અનુભવ થયો. તેનામાં આશાનો સંચાર થયો. કદાચ તેની માતા (નદી) તેનું પોતાનું જીવન લઈ લેશે, પરંતુ બીજા લાખો લોકોને માફ કરી દેશે. તે ઘૂંટણિયે પડી ગયો, હાથ હવામાં ઊંચા કરી દીધા અને મૂઠીઓ ખોલી નાખી. વરસાદે તેના થાકેલા-હારેલા શરીરને સ્વચ્છ કરી નાખ્યું, જાણે તેના ઘવાયેલા આત્માને શુદ્ધ કરવામાં મદદ કરી હોય એ રીતે. જાણે વિવાસ્વન પૂજારીની દયા ખાધી અને તેને અંતિમ સ્નાન કરાવ્યું.

મારું જીવન લઈ લે ઓ શક્તિશાળી માતા ! મેં તમારો ખોફ વહોર્યો છે. અને હું મારી જાતને તમને સમર્પિત કરું છું ! એમ તેણે જોરથી ચિત્કાર કર્યો એ જ સમયે વીજળીના પ્રચંડ ધડાકાથી રાત્રીનું આકાશ ઝગમગી ઊઠ્યું, જાણે દેવો આ હારેલા દેવતાની અરજ સાંભળવા રાજી નહોતા.

તેણે ફરી ચિત્કાર કર્યો, પણ આ વખતે તેનો અવાજ ગૂંગળાઈને તરડાઈ ગયો.. હે શક્તિશાળી માતા, શું તું આ તારા હારેલા પુત્રની વાત સાંભળતી નથી? મારું જીવન લઈ લે, પરંતુ બીજા બધાને માફ કરી દે! તારા પુત્રે જે પાપ કર્યું છે એવું એ બધાએ નથી કર્યું. મારો જીવ લઈ લે !!!

વીજળીના ચમકારાથી આકાશ ફરી ઝગમગી ઊઠ્યું. થોડી ક્ષણ માટે જાણે દિવસ

જેવું અજવાળું થઈ ગયું. વીજળીના ઝબકારનો પ્રકાશ વિવાસ્વન પૂજારીના લોહી, પરસેવો અને હતાશાથી ભરેલા ચહેરા ઉપર ફેલાઈ ગયો. અને પછી તરત જ પ્રચંડ ધડાકો થયો, સૂર્યમાં વિસ્ફોટ થયો હોય એવો પ્રચંડ ધડાકો.

જાણે દેવો વિવાસ્વન પૂજારીની વિનંતી ઠુકરાવી રહ્યા હતા.

તેને હવાની તીવ્ર લહેરખીનો અનુભવ થયો અને એ દિશામાં જોયું તો પાણીનો પ્રચંડ પ્રવાહ બરાબર એ જ દિશામાં ધસી રહ્યો હતો જ્યાં તે ઘૂંટણિયે પડ્યો હતો. એ પ્રવાહનો દેખાવ એવો હતો જાણે કોઈ વિકરાળ ડ્રેગન તેના શિકાર તરફ આગળ વધી રહ્યો હોય. થોડી વાર પહેલાં થયેલા વીજળીના કડાકા કરતાં પણ વધારે ઘુઘવાટ આ ધસમસી રહેલી નદીનો હતો. વિવાસ્વન પૂજારી દિગ્મૂઢ થઈને બેસી રહ્યા અને ઉપર નજર કરી તો શક્તિશાળી પહાડની ઊંચાઈની છાયા આવા અંધકારમાં પણ દેખાતી હતી. સુમેરુ પર્વતની આગળ જાણે પોતે એક કીડી જેટલો લાગતો હતો અને તેની નદી માતામાંથી ઊઠેલી આકાશને આંબતી સુનામી થોડી ક્ષણમાં જ તેને ભરખી જવાની હતી.

છેલ્લા થોડા દિવસમાં જ વિવાસ્વન પૂજારીનું પતન થયું હતું. પોતે બદલો લેવાના શપથ લીધા તેના થોડા દિવસમાં જ જીવનભર રળેલી પ્રસિદ્ધિ ગુમાવી દીધી હતી. પરંતુ એ વિવાસ્વન પૂજારી – એક દેવતા હતા. એવા તમામ સર્વોચ્ચ યોગિક અભ્યાસુની જેમ તેણે પણ તત્કાળ પોતાના આત્માને કુંડલિનીમાં લાવી દીધો, હૃદયના ધબકારા થંભાવી દીધા અને પોતાના પાર્થિવ શરીરને મૃત્યુ માટે તૈયાર કરી દીધું. આ બધી તૈયારી કરી અને ધસમસતા પ્રવાહની સાથે તણાઈ જવાની તૈયારી હતી ત્યારે તેણે અત્યંત શાંતિપૂર્વક છેલ્લી પ્રાર્થના કરીઃ

માતા, મને માફ કરજો. મારાં પાપ બદલ એ લોકોનો ભોગ ન લેશો. તેમને માફ કરજો માતા!

વિકરાળ વહેણ એક સૂકી ડાળખીના અસ્તિત્વને મિટાવી દે એ જ રીતે ધસમસતી નદીનો પ્રવાહ વિવાસ્વન પૂજારીને તાણી ગયો. દેવો, ઘાતકી બનેલી રક્તસરિતા, અંધારી રાત્રી, વિકરાળ બનેલા ઈન્દ્ર, વિશાળ જમીન તેમજ

નિર્દયી વરસાદ પોતાના સમયના આ સૌથી મહાન વ્યક્તિના અંતના સાક્ષી બની રહ્યા. પરંતુ વિવાસ્વન પૂજારીના મૃત્યુ સાથે આ ધરતી ઉપર તેમના પ્રભાવનો અંત આવવાનો નહોતો. આ તો પ્રારંભ હતો. તે હવે પછીનાં હજારો વર્ષ સુધી ધિક્કાર, કપટ, કાવતરાં તથા હિંસક સંઘર્ષોમાં જીવિત રહેવાના હતા. તેમનો પ્રભાવ માત્ર આર્યાવર્ત ઉપર જ નહીં પરંતુ આખી દુનિયા ઉપર વર્તાવાનો હતો જ્યાં ઈશ્વર દ્વારા તેને તરછોડી દેવામાં આવ્યો હતો. તેમનું મૃત્યુ પણ તેમને કે માનવજાતિને શાપમાંથી મુક્ત કરવાનું નહોતું.

નદીએ તેનો ધસમસતો પ્રવાહ જાળવી રાખ્યો. મૃત્યુ પહેલાં વિવાસ્વન પૂજારીએ કરેલી વિનંતી છતાં આ રક્તસરિતા કોઈને માફ કરવાની નહોતી.

આ વિશાળ શહેર હરપ્પાને તેના છેલ્લામાં છેલ્લા નગરવાસી સહિત સરસ્વતી ભરખી જવાની હતી.



## દિલ્હી, ૨૦૧૭

# વિદ્યુત

મોબાઈલ ફોન સતત રણકી રહ્યો હતો. વિદ્યુત અને દામિની બંને એટલી ઘેરી ઊંઘમાં હતાં કે બેમાંથી કોઈ ઊઠીને ફોન ઉપાડવા સમર્થ નહોતાં. હજુ તો વહેલી પરોઢના ૪.૩૦ વાગ્યા હતા. ફોનની રિંગ સતત વાગવાનું ચાલુ જ હતું. દામિનીએ વિદ્યુતને ઉઠાડવા માટે ધીમેથી તેનો ખભો હલાવ્યો.

વિદ્યુત... ઊઠ, તારો ફોન વાગે છે.

હંમ... વિદ્યુત ઊંઘમાં જ બબડ્યો.

દામિનીની આંખ પણ ઊઘડતી નહોતી... એટલે એ જ સ્થિતિમાં બોલી... અરે ઊઠને બેબી.

વિદ્યુતે ઊંઘમાં ને ઊંઘમાં જ બેડની બાજુના ટેબલ ઉપર આમતેમ હાથ ફેરવી ફોન શોધવાનો પ્રયત્ન કર્યો.

આટલી વહેલી પરોઢે કોણ ફોન કરતું હશે? હેલો..!

ફોન ઉપાડતાંની સાથે જ જાણે વિદ્યુતનો અવાજ એકાએક ફાટી ગયો.

રૂમમાં શાંતિ હતી. વિદ્યુત પથારીમાં જ બેઠો થઈ ગયો અને ફોનમાં સામેના છેડેથી જે કંઈ કહેવામાં આવી રહ્યું હતું તેને સાંભળી રહ્યો. તેના કપાળ ઉપર અને તેના કસરતી શરીર ઉપર તંગદિલી સ્પષ્ટ દેખાતી હતી.

દામિનીથી ન રહેવાયું, તેણે પૂછી લીધું, બધું બરાબર છે બેબી?

વિદ્યુતે તેનો હાથ હળવેથી દાબીને ચૂપ રહેવાનો સંકેત આપ્યો. દામિની વિદ્યુતને સારી રીતે જાણતી હતી. તેણે આંખ ખોલી અને જોયું કે વિદ્યુતે ફોન કાન પાસે કસીને પકડી રાખ્યો છે, દાંત ભિડાવીને આંખો બંધ રાખી ફોન પરની વાત ધ્યાનથી સાંભળી રહ્યો છે.

વિદ્યુતે કહ્યું, પરંતુ પુરોહિતજી, તમે મને આ વાત પહેલાં કેમ ન જણાવી? દામિની નહોતી જાણતી કે પુરોહિતજી કોણ છે અને વિદ્યુત એકાએક આ રીતે કેમ વ્યાકુળ થઈ ગયો. તે કોણી ટેકવીને ઊંચી થઈ અને શાંતિથી સાંભળવા લાગી.

પુરોહિતજી, તેમની પાસે કેટલો સમય છે? વિદ્યુતે સવાલ કર્યો અને થોડી ક્ષણ ચૂપ રહીને કહ્યું, હું આજે સાંજ સુધીમાં ત્યાં પહોંચી જઈશ.

·||卐||·

વિદ્યુતે ફોન મૂકી દીધો અને માથું પાછળ ઢાળીને છત તરફ એકધારું જોઈ રહ્યો. તેનો સમગ્ર દેખાવ તેના શાહી વ્યક્તિત્વની ચાડી ખાતો હતો. તેના લાંબા અને આછા બ્રાઉન વાળ તેના ચહેરા અને આંખોને વધુ સોહામણા બનાવતા હતા. તેનામાં તેના નામ મુજબ જ ગુણ હતા – વિદ્યુત! પરંતુ તેના વ્યક્તિત્વમાં આવા ગ્રીક-દેવતા જેવા દેખાવ કરતાં પણ કંઈક વિશેષ હતું.

દામિની આ રહસ્યમય અને સબળ માણસને પ્રેમ કરતી હતી અને તેની સાથે હજુ સુધી લગ્ન વિશે કોઈ વાત કરી નહોતી, પરંતુ તેને ઊંડે ઊંડે આશા હતી કે વિદ્યુત તેની સાથે લગ્ન કરશે. દિલ્હી યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત હંસરાજ કૉલેજ હોય કે પછી દુનિયામાં બીજે ગમે ત્યાં હોય, દરેક જગ્યાના છોકરા કે પુરુષોની સરખામણીમાં વિદ્યુત અલગ તરી આવતો હતો. રંગે-રૂપે દેખાવથી સૌથી સોહામણા પુરુષની પોતે સાથીદાર છે એ વાતે મનોમન ખુશ થતી દામિની એ પણ જાણતી હતી કે વિદ્યુતનું વ્યક્તિત્વ કંઈક અસાધારણ છે. અને વાસ્તવમાં એવું હતું જ.વિદ્યુત ટેલેન્ટ, સ્કિલ, અધ્યાત્મ અને મહત્ત્વાકાંક્ષાનું પ્રતીક હતો. ૩૪ વર્ષની યુવા ઉંમરે તે એક સફળ ઉદ્યોગસાહસિક હતો. તે સંગીતકાર, કવિ, લેખક, ચિત્રકાર, માર્શલઆર્ટ નિષ્ણાત ઉપરાંત આધુનિકતાના ગુણો સાથે નેતૃત્વનાં સાહજિક લક્ષણ પણ ધરાવતો હતો. તેના મિત્રો તેને પ્રેમથી વીડિયો કહીને બોલાવતા. દામિનીને ક્યારેક વિદ્યુતના મિત્રો જે પ્રકારના હતા તેની ચિંતા થતી.

એકાદ મિનિટ પછી હળવેથી દામિનીએ પૂછ્યું, બેબી, બધું બરાબર છે? આ પૂજારી કોણ છે અને તારે આજ સાંજ સુધીમાં ક્યાં પહોંચવાનું છે?

વારાણસી, જેને ઘણા લોકો કાશી અથવા બનારસ તરીકે પણ ઓળખે છે, તેમ વિદ્યુતે છત તરફ જોતાં જોતાં જ જવાબ આપ્યો.

ડિયર, કેમ બનારસ? આમ અચાનક?

દામિની, આ કંઈ અચાનક તો નથી, પરંતુ મને આ રીતે બોલાવવામાં આવશે તેની અપક્ષા નહોતી. વાસ્તવમાં મારે ક્યારેય કાશી પરત જવાનું નહોતું.

રૂમમાં સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ. વિદ્યુત જે કંઈ અસ્પષ્ટ અને રહસ્યમય નિવેદન કરી રહ્યો હતો તેને દામિની સાંભળી રહી. વિદ્યુત આમ આવું અસ્પષ્ટ બોલે નહીં. અને પોતે પણ એક બાહોશ પત્રકાર હોવાને નાતે જે સવાલ ઉઠ્યા હોય તેના જવાબ મેળવ્યા વિના જંપે તેમ નહોતી. તે હવે સજાગ થઈ બેસી ગઈ, હેરપિન બે હોઠ વચ્ચે દબાવી છૂટા વાળ બાંધી તેનો અંબોડો કરી પિન ભરાવી

દીધી અને પછી મક્કમતાપૂર્વક છતાં વિનમ્રતાથી સવાલોનો મારો ચલાવ્યો.

કાશી ? કે પછી બનારસ કે વારાણસી... એ જે હોય એ, પણ તારે ત્યાં શા માટે જવું પડશે બેબી? તને શેની અપેક્ષા નહોતી? અને તારે શા માટે કદી ત્યાં પરત જવાનું નહોતું? સવાલ તો એ છે કે તું ત્યાં હતો જ ક્યારે? અને આપણા વચ્ચે આ અંગે કદી વાત શા માટે નથી થઈ? પ્લીઝ, મને બધું કહીશ?દામિની હવે બધું જાણવા આતુર પણ હતી અને ચીડાયેલી પણ લાગતી હતી.

ફોન ઉપર વાત થઈ ત્યારપછી જાણે પ્રથમ વખત દામિનીની હાજરી ધ્યાનમાં આવી હોય એ રીતે વિદ્યુતે તેના તરફ જોયું.

આપણે આ અંગે વાત નથી કરી કેમ કે એટલું અગત્યનું નહોતું, સમજી? કાશી મારા માટે એક પૂરું થઈ ગયેલું પ્રકરણ હતું. વર્ષો સુધી મેં જ્યારે જ્યારે ત્યાં જવાનો પ્રયાસ કર્યો ત્યારે મને અટકાવવામાં આવ્યો. હવે જ્યારે એ ભૂલીને તેના વિના જીવતાં શીખી ગયો હતો ત્યારે ત્યાંથી ફોન કરીને મને બોલાવવામાં આવે છે ?! વિદ્યુત આશ્ચર્ય વ્યક્ત કરતાં હસી પડ્યો.

દામિની કંઈ બોલે તે પહેલાં જ વિદ્યુત ઝડપથી પથારીમાંથી ઊઠ્યો અને તેના વોર્ડરોબ પાસે ગયો. તેણે સિગારેટ બૉક્સમાંથી એક સિગારેટ કાઢી અને સળગાવી. હવે દામિનીની ચિંતા ખરેખર વધી ગઈ. વિદ્યુતે સિગારેટને હાથ લગાવ્યાને પૂરા નવ મહિના વીતી ગયા હતા. અને તેથી દામિનીને સમજાયું કે કંઈક તો ગંભીર બાબત છે. ગુરગાંવના એ વૈભવી પેન્ટહાઉસની બાલ્કની તરફ જઈ રહેલા વિદ્યુતને તે જોઈ રહી. ધીમેથી એ પણ ત્યાં પહોંચી અને તેની બાજુમાં ઊભી રહી ગઈ. તેણે અત્યંત ટૂંકું અને પારદર્શી નાઈટગાઉન પહેર્યું હતું જેમાંથી તેના આકર્ષક શરીરના આરોહ-અવરોહ સ્પષ્ટ દેખાતા હતા. દામિની જેટલી બુદ્ધિશાળી હતી એટલી જ દેખાવે પણ સુંદર હતી. તે એકપણ શબ્દ બોલી નહીં. વિદ્યુત શૂન્યમનસ્ક હતો. અને પોતે પરિચયમાં આવી ત્યારથી પ્રથમ વખત વિદ્યુતને ડરેલો જોયો, જેના વિશે દામિની કંઈ જાણતી નહોતી.

પૃથ્વી પરના સૌથી પ્રાચીન ધર્મ અને જીવનપદ્ધતિ ગણાતા હિન્દુત્વ માટે કાશી એ અત્યંત પવિત્ર શહેર છે. મૂળભૂત રીતે આ શહેર કાશી અને વારાણસી તરીકે ઓળખાતું પરંતુ હજારો વર્ષના ઐતિહાસિક પરિવર્તન દરમિયાન પાલી સાહિત્યના પ્રભાવ હેઠળ તે બનારસી તરીકે અને પછી બનારસ તરીકે ઓળખાયું. હિન્દુ ધર્મગ્રંથોમાં કહેવામાં આવ્યું છે કે પ્રલયના દિવસે જ્યારે સમગ્ર પૃથ્વી રસાતાળ થશે ત્યારે ભગવાન શિવ પોતે તેમના ત્રિશૂળની અણી ઉપર આખા કાશી શહેરને ઉઠાવીને તેનું રક્ષણ કરશે. લગભગ ૧૦,૦૦૦ વર્ષથી અસ્તિત્વ ધરાવતું આ શહેર અલૌકિક વિદ્યાના કેટલાક સૌથી મહાન જાણકારો તેમજ દુનિયાની તમામ પ્રકારની શક્તિઓનું કેન્દ્ર રહ્યું છે. આ શહેરમાં બ્રહ્માંડનાં કેટલાંય સર્વોચ્ચ રહસ્ય છુપાયેલાં છે.

વિમાનમાર્ગે નવી દિલ્હીથી વારાણસી ૯૦ મિનિટમાં પહોંચી શકાય. વિદ્યુત બપોરે ત્રણ વાગ્યાની ફ્લાઇટમાં જવાનો હતો જેથી સાંજે છ વાગ્યે તે પુરોહિતજી પાસે પહોંચી જાય. તેના કેટલાક મિત્રો અને સહકર્મચારીઓ એ હદે વિશ્વાસુ અને પ્રતિબદ્ધ હતા કે તેની દરેક બાબતની કાળજી લઈ શકતા હતા. વિદ્યુત પોતે પણ એ લોકો માટે એટલો જ વિશ્વાસુ અને પ્રતિબદ્ધ હતો. વિદ્યુત અને તેની અંગત ટીમ એટલા સંકલનથી કામ કરતા કે તેમણે ભાગ્યે જ વાતચીત કરવી પડે. મોટાભાગની કામગીરી માત્ર આંખના ઈશારાથી જ અથવા ટૂંકા એસએમએસથી થઈ જતી. વિદ્યુતનો સૌથી નજીકનો મિત્ર બાલા અર્થાત્ બાલાકૃષ્ણન હતો જેના ઉપર તે સૌથી વધારે વિશ્વાસ મૂકી શકતો. કંપનીમાં વિદ્યુતની ગેરહાજરીમાં બાલા જ મુખ્ય અધિકારી ગણાતો એટલું જ નહીં પરંતુ તે તેનો શ્રેષ્ઠ મિત્ર પણ હતો. બાલા ભૂતપૂર્વ લશ્કરી કમાન્ડર હતો. શસ્ત્ર વિના પણ યુદ્ધમાં દુશ્મનને હરાવી શકવાની ક્ષમતા ધરાવનાર બાલા જટિલમાં જટિલ નાણાકીય સમસ્યાઓ ચપટીમાં ઉકેલી શકતો. વિદ્યુત પ્રત્યે તેને ભક્તિભાવ હતો, પ્રેમ હતો.

વિદ્યુત કૉર્પોરેટ સિક્યોરિટી કંપની ચલાવતો હતો જેના દ્વારા તે મોટી સંખ્યામાં તેના બહુરાષ્ટ્રીય ક્લાયન્ટ્સને સ્પર્ધાત્મક જાસૂસી સામે ટેક્નોલૉજીની મદદથી રક્ષણ આપતો. વિદ્યુતે એક નાના સ્ટાર્ટઅપ તરીકે તેની કંપની શરૂ કરી હતી અને હવે ભારતમાં અગ્રણી અગ્રણી ઔદ્યોગિક સિક્યોરિટી કંપનીઓમાં તેનો

સમાવેશ થતો હતો. તેની કંપનીની સફળતાને પગલે વિદ્યુતની માંગ વધી ગઈ હતી એટલું જ નહીં પરંતુ ભારતમાં કૉર્પોરેટ જગતના અગ્રણીઓ સુધી તેની પહોંચ થઈ ગઈ હતી. શક્તિશાળી રાજકારણીઓને બિઝનેસ હાઉસીસ કરતાં વધારે ટેક્નોલૉજી આધારિત સલામતીની જરૂર હતી અને તેમને પણ હવે વિદ્યુતનાં ઉત્પાદનો અને સેવાઓની જરૂર પડતી હતી. વિદ્યુતનો સમાવેશ આવા મોટાભાગના લોકોના અંતરંગ વર્તુળમાં થઈ ગયો હતો અને તેમના કોઈ ઉદ્ઘાટન કે પાર્ટીમાં વિદ્યુતની હાજરીથી આ બધા ગૌરવ અનુભવતા. ઘણી યુવાન વયે વિદ્યુત અત્યંત પ્રભાવશાળી બની ગયો હતો. પરંતુ પુરોહિતજી જેવા જે લોકો વિદ્યુતના વંશથી પરિચિત હતા તેમના માટે તેની આ સફળતા કોઈ મોટું આશ્ચર્ય નહોતું. વિદ્યુત સામાન્ય માણસ નહોતો. એ સામાન્ય રહેવા સર્જાયો પણ નહોતો.

કેઝ્યુઅલ ગ્રે ટીશર્ટ અને બ્લૂ જીન્સમાં સજ્જ વિદ્યુત હતો તેના કરતાં વધારે યુવાન દેખાતો હતો. તેણે માત્ર એક-બે દિવસ માટેનો સામાન જ સાથે લીધો. જે કંઈ ચાલી રહ્યું હતું તેનાથી દામિની ચિંતિત હતી, પરંતુ ચહેરા ઉપર હિંમતપૂર્વક સ્મિત જાળવી રાખ્યું. વિદ્યુત થોડી થોડી વારે તેની સામે જોઈ લેતો અને કાં તો મોહક સ્મિત કરતો અથવા રમતિયાળ હાવભાવ કરી આંખ મિચકારી લેતો. દામિનીને સારું લાગે તે માટે એ આ બધું કરતો હતો. તે એવું બતાવવા માગતો હતો કે ચિંતાનું કોઈ કારણ નથી, પણ બંને જાણતા હતા કે કશું સામાન્ય નહોતું.

પૅકિંગ થઈ ગયા પછી વિદ્યુત બે ક્ષણ માટે ઊભો રહ્યો અને બારીની બહાર જોવા લાગ્યો. એટલી વારમાં બાલા ઘરમાં આવી ગયો હતો અને ફ્રીજમાંથી નાળિયર પાણીનું ટીન લઈ ડાઇનિંગ ટેબલની એક ખુરશી પર બેસી ચૂપચાપ પીવા લાગ્યો. વિદ્યુત અને દામિની તેમના ઘરમાં આ રીતે બાલાની હાજરીથી ટેવાયેલાં હતાં. વાસ્તવમાં તેમને ગમતું પણ હતું કેમ કે બાલા પરિવારનો જ સભ્ય હતો.

વિદ્યુતનું ધ્યાન બાલા પર પડ્યું.

હાય, બાલા.

હાય, વીડિયો.

શું ચાલે છે દોસ્ત? જમ્યો કે નહીં? વિદ્યુતે પૂછપરછ કરી.

હા, હા... બાલાએ વિદ્યુત તરફ જોયા વિના જ જવાબ આપી દીધો. આજના દિવસ માટે બંને વચ્ચે આટલી ઔપચારિકતા પૂરતી હતી. પરંતુ વિદ્યુત માટે એ સર્વસ્વ હતું.

પછી જે કંઈ બન્યું તે વિશે દામિનીએ કદી વિચાર્યું નહોતું. વિદ્યુત એકાએક તેના સ્ટડીરૂમમાં ગયો અને કબાટમાંથી મહા-પંચાંગ કાઢ્યું. એ જોઈને દામિની ખૂબ ગભરાઈ ગઈ, તેને ગળામાં જાણે શોષ પડવા લાગ્યો. છેલ્લે વિદ્યુતે આ પંચાંગ કાઢ્યું હતું એ તેના જીવનનો સૌથી ખરાબ દિવસ હતો. તે દિવસે તેની માતાનું નિધન થયું હતું. દેખાવ અને વ્યવહારમાં આધુનિક હોવા છતાં, વૈભવી માહોલ અને વૈભવી કારમાં ફરતો હોવા છતાં અને ટેક્નોલૉજી કંપનીનો સંચાલક હોવા છતાં વિદ્યુત વૈદિક જ્યોતિષશાસ્ત્રનો નિષ્ણાત હતો. તે જેટલી સરળતાથી સોફ્ટવેર કોડ સમજી શકતો એટલી જ સરળતાથી લોકોની કુંડળી પણ વાંચી શકતો.

·||卐||·

ડર અને ચિંતાથી દામિનીએ પોતાનો ડર અને ચિંતા છુપાવવા બંને હાથની હથેળીથી મોં ઢાંકી દીધું. વિદ્યુતે આ જોયું, પરંતુ તેને સાંત્વના આપવા કોઈ પ્રયાસ ન કર્યો. તે ફરી ઊંડા વિચારમાં સરકી ગયો હતો. તેણે બાલા બેઠો હતો ત્યાં નજીકમાં જ ડાઇનિંગ ટેબલ ઉપર પંચાંગ પાથરી દીધું, મનોમન કોઈક સંસ્કૃત મંત્ર બોલ્યો અને પંચાંગને ધ્યાનથી જોવા તેના પર ઝૂક્યો. બજારમાં ઉપલબ્ધ બીજા સામાન્ય પંચાંગની સરખામણીમાં તેની પાસેનું પંચાંગ ખૂબ જ

વિગતવાર હતું. દર વર્ષે તેનો મિત્ર ગોપાલ હિમાલયસ્થિત હિન્દુ મઠમાંથી વિદ્યુતને આ વિશ્વાસપાત્ર પંચાંગ મોકલતો. જે લોકો વૈદિક જ્યોતિષશાસ્ત્રના નિષ્ણાત હોય એ જ આ પંચાંગ વાંચી શકતા અને તેનું અર્થઘટન કરી શકતા. વિદ્યુત તેમાંનો એક હતો. અને ગોપાલ એ વિદ્યુતના એવા જૂજ મિત્રો પૈકી એક હતો જે દામિની માટે રહસ્ય સમાન હતા.

દામિનીના ચહેરા પરનો ડર અને તેની આંખમાં ઊભરાઈ રહેલાં આંસુ બાલા જોઈ શકતો હતો. તેણે વિદ્યુતના હાથ ઉપર હાથ મૂક્યો અને ધીમેથી પૂછ્યું, તું શું કરે છે દોસ્ત? તારે અત્યારે આની જરૂર શા માટે પડી?

વિદ્યુતે કંઈ જવાબ ન આપ્યો. દામિનીથી હવે સહન નહોતું થતું. તે વિદ્યુત પાસે પહોંચી ગઈ અને તેનો ચહેરો પોતાના તરફ વાળ્યો અને લગભગ ડૂમો ભરાયેલા સ્વરે પૂછ્યું, તું શું કરે છે બેબી?

પોતાને આ રીતે ડિસ્ટર્બ કરવામાં આવ્યો તેનાથી વિદ્યુત એક ક્ષણ માટે અકળાઈ ગયો, પરંતુ તરત જ પોતાના ઉપર કાબૂ મેળવી લીધો. તેને ખ્યાલ આવ્યો કે પુરોહિતજીનો ફોન આવ્યો ત્યારથી પોતે વિચિત્ર વર્તન કરી રહ્યો છે અને હવે પ્રિયતમા દામિનીને બધું જ, અથવા કહી શકાય એવી બધી બાબતો જણાવી દેવી જોઈએ.

અહીં આવ બેબી, કહી વિદ્યુતે દામિનીનો હાથ પ્રેમથી પકડીને તેને ડાઈનિંગ ટેબલની બાજુમાં આવેલા સોફા ઉપર બેસાડી અને કહ્યું, જે કંઈ અગત્યનું છે એ હું તને બે મિનિટમાં કહીશ અથવા શક્ય એટલી તમામ વિગતો જણાવવાનો પ્રયાસ કરીશ, પણ બધી વાત કરવી હોય તો બે દિવસ પણ ઓછા પડે.

દામિની વિદ્યુત સામે પ્રેમથી જોઈ રહી, તેની આંખ ભીની થઈ રહી હતી અને આંસુનો બંધ પાંપણ ઓળંગીને સુંદર ચહેરા ઉપર સરકી પડવાની તૈયારીમાં હતો.

દામિની, હું તને બધી વાત જણાવી દઉં તો પણ તું નહીં માને. તને કદાચ એવું લાગશે કે વિદ્યુતનું છટકી ગયું છે. તને કદાચ એવું પણ લાગશે કે મારે

સાયક્યાટ્રીસ્ટની સલાહ લેવી જોઈએ, તેમ કહી વિદ્યુતે મજાકમાં હસવાનો પ્રયાસ કર્યો જેથી ગંભીર સ્થિતિને હળવી બનાવી શકાય, પરંતુ તેનો પ્રયાસ સફળ ન થયો. દામિની ડર અને આશંકા સાથે તેની સામે તાકી રહી.

બેબી, મને માત્ર એટલું કહે કે આ શું ચાલી રહ્યું છે. તારી આ પ્રિયતમા એક મજબૂત સ્ત્રી છે અને સ્થિતિનો મુકાબલો કરી શકે છે, દામિનીએ મક્કમતાપૂર્વક કહ્યું. હું તારા પર કોઈ દબાણ કરવા નહોતી માગતી, પરંતુ હું તને સારી રીતે જાણું છું. જો કોઈ ગંભીર વાત ન હોત તો તેં પંચાંગ બહાર કાઢ્યું જ ન હોત.

વિદ્યુત એક ક્ષણ માટે ચૂપ થઈ ગયો. પછી તેણે દામિનીની સુંવાળી અને કલાકાર જેવી આંગળીઓને પોતાના હાથમાં લીધી અને સોફા પાસે જમીન પર ઘૂંટણભેર બેસી ગયો. તેણે ખૂબ પ્રેમથી તેની સામે જોયું, તેના હાથ પર કિસ કરી અને હળવેથી કહ્યું, દામિની, હું અર્ધ-માનવ, અર્ધ-ઈશ્વર છું.